# પ્રકરણ–૭

# ઉપસંહાર

# પ્રકરણ-૭

# ઉપસંહાર

આગળનાં પ્રકરણોમાં કરેલી ચર્ચાને આધારે સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ વિશે નીચે મુજબનાં તારણો આપી શકાય.

મારા સંશોધનનો વિષય 'ધીરૂબહેન પટેલની પસંદ કરેલી ગદ્યકૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષોનું વિશ્લેષણાત્મક અધ્યયન' છે. વિશ્લેષણાત્મક પદ્ધતિ દ્વારા ધીરૂબહેન પટેલની વાર્તાઓને વિવિધ ઘટકોમાં વિભાજિત કરીને તેની પદ્ધતિસર તપાસ કરી છે. તેમની કૃતિઓમાં રહેલા સ્ત્રીવિષયક  ભાવનાત્મક સંઘર્ષને શોધી તેનું વર્ગીકરણ અને પૃથક્કરણ કર્યું છે. ધીરૂબહેન પટેલની ચયન કરેલી કૃતિઓમાં રહેલી વિવિધ સમસ્યાઓ શોધીને તેનું વિશ્લેષણ કાર્ય કર્યું છે. તે સમસ્યાઓના સૂચિત નિરાકરણોના આલેખન વિશેનો અભ્યાસ તેમજ સ્ત્રીપાત્રોનાં ભાવજગતમાં થતાં સંવેદનોને વ્યક્ત કરી તેમને સમજવાનો પ્રયાસ સંશોધનમાં કર્યો છે.

આ સંશોધન પદ્ધતિ દ્વારા માનવીની સંવેદનશીલતાની સાથે વૈચારિક સમૃદ્ધિ પણ વિકસી છે. ધીરૂબહેનની વાર્તાઓમાં રહેલા સ્ત્રીવિષયક સંઘર્ષનો અભ્યાસ કર્યો છે. જે અભ્યાસુઓ, વાચકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી થશે. મારા સંશોધનનું મહત્વ એ છે કે મને ઘણું શીખવા મળ્યું. મને વાર્તાકારની વાર્તાઓ વિશે અભ્યાસ કરવાની સૂઝ પ્રાપ્ત થઈ. સમાજમાં પ્રવર્તતી સ્ત્રીવિષયક સમસ્યાઓને અનુભવી શકી.

કોઈપણ વિચાર ભાવનાને ઉત્તેજિત કરી શકે છે. તે માનસિક ઘટના તીવ્ર બનવાથી ભાવના પેદા કરી શકે છે. આ ભાવનાઓ દ્વારા મનુષ્યમાં સંઘર્ષ ઉત્પન્ન થાય છે. સંઘર્ષ મનની ખૂબ પીડાદાયક સ્થિતિ છે. આ સંઘર્ષ માણસના બે મજબૂત વિચારો

અથવા લાગણીઓમાં થાય છે. સંઘર્ષ એ વિચારો અથવા લાગણીઓ વચ્ચેનો છે જેનું આપણને જ્ઞાન છે. આંતરિક અને બાહ્ય પ્રક્રિયાઓને કારણે સંઘર્ષ થાય છે. સ્ત્રી પોતાના અસ્તિત્વ માટે અન્ય વ્યક્તિઓ તેમજ સમાજ સાથે સંઘર્ષ કરતી જોવા મળે છે. આ ભાવના વિશે સમજીને ધીરૂબહેન પટેલની કૃતિઓમાં રહેલા ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ કર્યું છે.

ધીરૂબહેન પટેલના તમામ વાર્તાસંગ્રહોનું વિશ્લેષણ કરતાં તેમાં રહેલા સ્ત્રીવિષયક સંઘર્ષોનું સૂક્ષ્મ આલેખન જોવા મળે છે. તેમની ૧૦૦ જેટલી વાર્તાઓમાંથી ૫૬ વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ જોવા મળ્યો છે. તેમણે સ્ત્રીપાત્રો દ્વારા વાસ્તવિક જગતની સ્ત્રીવિષયક સમસ્યાઓથી આપણને વાકેફ કર્યાં છે. સ્ત્રીપાત્રોનાં મનમાં ઉદ્દભવતા પ્રશ્નો, આંતરિક મથામણ, વેદના વગેરેની રજૂઆત જોઈ શકાય છે. રોજિંદા જીવનમાં સ્ત્રીઓ મા, પત્ની, દીકરી, બહેન, સાસુ, વહુ વગેરે તરીકેની જવાબદારી નિભાવવી પડતી હોય છે. જેના કારણે તેને સંઘર્ષનો અનુભવ થાય છે.

આ પ્રકારના સર્જન પાછળનો તેમનો ઉદ્દેશ નકારાત્મક ભાવનાઓની સ્ત્રીપાત્રોના ચિત્તમાં થતી અસરો તપાસવાની છે. આ સંઘર્ષમાંથી સ્ત્રીપાત્રો કેવી રીતે બહાર નીકળી શકે? તે જાણી શકાય છે.

સ્ત્રી સામે કેવા કેવા પ્રશ્નો છે? બાળપણથી માંડીને વૃદ્ધાવસ્થા સુધીનાં સ્ત્રીપાત્રોની વાત ધીરૂબહેનની વાર્તાઓમાં જોઈ શકાય છે. સામાજિક નિંદાનો ભય, રોજિંદું કંટાળાજનક જીવન, લગ્ન માટેની મથામણ, લગ્ન પછીની ઊભી સમસ્યાઓ, સ્વતંત્ર ગુમાવતી દેતી સ્ત્રીઓ વગેરે સમસ્યાઓ તેમની વાર્તાઓમાં જોઈ શકાય છે.

વાર્તાકારનાં દરેક સ્ત્રીપાત્રો અલગ અલગ સમસ્યાઓનો અનુભવ કરે છે. એ રીતે દરેક સ્ત્રીનું ભાવજગત પણ અલગ જોવા મળ્યું છે. કેટલાંક સ્ત્રીપાત્રો સંઘર્ષને સહજતાથી

લેતાં જણાયાં છે, તો ઘણાં સ્ત્રીપાત્રો સંઘર્ષને સહન કરવાની હિંમત કે શક્તિ ધરાવતાં નથી. જેના કારણે ચિત્ત પર ઊંડી અસર જોવા મળે છે. સ્ત્રી કુટુંબની જવાબદારીથી ભાગી શકતી નથી. સમાજ તથા માતા-પિતાની પ્રતિષ્ઠાને જાળવવા સંઘર્ષમાંથી છટકી શકતી નથી.

ધીરૂબહેનની વાર્તાઓમાં રહેલો સ્ત્રીનો ભાવનાત્મક સંઘર્ષ સ્વ સાથે, પુરુષ સાથે, સ્ત્રી સાથે, સમાજ સાથે અથવા અન્ય સાથે જોવા મળે છે. તેમની ચયન કરેલી વાર્તાઓમાં મુખ્યત્વે સ્ત્રીનો સ્વ સાથેનો સંઘર્ષ વધુ જોવા મળે છે. હૃદયની સંવેદના, સ્ત્રીઓનું શોષણ અને તેમની મન:સ્થિતિનું ચિતાર જોવા મળે છે. તેમની વાર્તાઓમાં મોટાભાગની સ્ત્રી પોતાના અસ્તિત્વ માટે સ્વ સંઘર્ષ કરતી વધારે જોવા મળે છે. સ્ત્રી કેવી રીતે પોતાના જીવનમાં સંઘર્ષ કરીને જીવન વ્યતીત કરે છે એ તેમની વાર્તાઓમાં જોઈ શકાય છે. તેમની વાર્તામાં આવતાં પાત્રોમાં આંતર-બાહ્ય પરિવર્તન આવે છે. એમના વ્યવહાર, વર્તન, સ્વભાવ, વિચારો અને વાણી-વ્યવહારમાં, રહેણી-કરણીમાં આવતું પરિવર્તન  સ્ત્રીપાત્રોમાં જોવા મળે છે. સ્ત્રીપાત્રોમાં નારીનો દ્વેષ, ઈર્ષ્યા, વેદના, વ્યથા, એકલતા, નૈતિકતા, હિંમત વગેરે જેવા ભાવોનું નિરૂપણ જોઈ શકાય છે.

સ્ત્રીના સ્વ સંઘર્ષ પાછળ પરિસ્થિતિ, સંજોગો અને સબંધોને અસર કરતાં પરિબળો ભાગ ભજવે છે. પોતાના પ્રેમી સાથે લગ્ન ન કરી શકતી સ્ત્રીઓ દામ્પત્યજીવનમાં ઢસરડા કરતી જોવા મળે છે. એકલતા, કુટુંબની જવાબદારી, સંતાનના પ્રશ્નો સંઘર્ષનું કારણ બને છે. સ્ત્રીની ઘણી આશા-અપેક્ષાઓ રહેલી છે. અપેક્ષા પૂર્ણ ન થતાં સ્ત્રીનો અહમ ઘવાય છે. 'કલાકારની પત્ની' અને 'ગોદડી' વાર્તાની નાયિકાઓ સતત અપેક્ષાઓ રાખે છે અને એ પૂર્ણ ન થતાં એમાંથી જીવનના પ્રશ્નો ઊભા થાય છે. આ બંને વાર્તાઓમાં બાહ્ય પરિબળના કારણે તેઓનો અપેક્ષાભંગ થતો જોવા મળે છે.

સ્ત્રીઓના સ્વ સંઘર્ષ પાછળ સંતાનના પ્રશ્નો પણ જવાબદાર બને છે. સ્ત્રી પોતાના પુત્રના લગ્ન થઈ ગયા પછી પોતાનું અસ્તિત્વ રહેશે કે કેમ? એ પ્રશ્ન મૂંઝવણ ઊભી કરે છે. વાર્તાકારે અહીં વાસ્તવિક ચિત્રનું આલેખન કર્યું છે. ઘરમાં વહુ આવ્યા પછી દીકરો પત્ની પ્રત્યે વધુ દરકાર રાખશે એવી ચિંતા દરેક માને સતાવતી હોય છે. સમાજની આ વિચારધારને વાર્તાકારે અહીં પ્રગટ કરી છે. વિધવાવસ્થાને કારણે ઊભી થતી પરિસ્થિતિ સ્ત્રીના સ્વ સંઘર્ષનું જવાબદાર પરિબળ બને છે. તેનું પોતાનું અંગત દુ:ખ, આર્થિક મુશ્કેલી, સંતાનોના ભવિષ્યની ચિંતા, ઘરની જવાબદારી, પોતાના ચારિત્ર્ય વિશે ઊઠતા સવાલો વગેરે પરિબળોના કારણે તે માનસિક અસ્વસ્થ બને છે. પતિ છોડીને ચાલ્યો જવાથી થતી સ્ત્રીની  અવદશાની વાત અહીં જોવા મળે છે.

સ્ત્રીનો પુરુષ સાથે સંઘર્ષ થવા પાછળ ઘણાં બધાં પરિબળો ભાગ ભજવે છે. પતિના લગ્નેતર સંબંધો, પુરુષોનું જોહુકમી વલણ, પ્રેમીને મેળવવા થતો સંઘર્ષ, પુરુષનો દુર્વ્યવહાર જેવા પરિબળોના કારણે સ્ત્રી સંઘર્ષ અનુભવે છે. પતિના કડક સ્વભાવના કારણે સંઘર્ષ અનુભવતી સ્ત્રીઓ પતિ સામે અવાજ ઊઠાવી શકતી નથી. પતિના અનૈતિક સંબંધોને કારણે સ્ત્રી તીવ્ર સંઘર્ષમય પરિસ્થિતિનો સામનો કરતી જોવા મળે છે. પ્રેમી દ્વારા પ્રેમિકાનો વિશ્વાસ તૂટવો તેમજ પ્રેમી સાથે લગ્ન કરવા પિતા સાથે સંઘર્ષ કરતી સ્ત્રીઓ જોઈ શકાય છે. પુરુષનો ત્રાસ સ્ત્રીના માનસપટ પર ખૂબ જ અસર કરે છે. તે અસર તીવ્ર બનતાં તેને પોતાના શરીરનું પણ ધ્યાન રહેતું નથી.

સ્ત્રીના સ્ત્રી સાથેનો સંઘર્ષ પાછળ સંબંધો, પરિસ્થિતિ, અપેક્ષાઓ પરિબળો ભાગ ભજવે છે. સાસુ-વહુના એકબીજા પ્રત્યેના વ્યવહારથી ઘરનું વાતાવરણ ક્લેશમય બનતું જોવા મળે છે. સાસુ-વહુની એકબીજાને સ્વીકારી ન શકવાની વિચારસરણી સમાજમાં પ્રવર્તતી જોવા મળે છે. જેના કારણે પ્રવર્તમાન સમયમાં પણ દરેક સ્ત્રી સંઘર્ષ અનુભવે

છે. કહેવાય છે કે દરેક મા પોતાના સંતાનોનું હંમેશાં ભલું જ ઇચ્છે છે. પરંતુ વાર્તાકારની વાર્તાઓમાં મા પોતાની દીકરીના આકર્ષક દેખાવને કારણે ઉપેક્ષા કરતી જોવા મળે છે. દીકરી કરતાં પોતાની જ વાહવાહ થાય એવું આ વાર્તાઓનાં સ્ત્રીપાત્રો ઇચ્છે છે.

સ્ત્રીના સમાજ સાથેના સંઘર્ષ પાછળ સમાજના રૂઢિ રિવાજો, પરંપરાઓ, માન્યતાઓ, અંધશ્રદ્ધા, પ્રતિષ્ઠા જેવા પરિબળો ભાગ ભજવે છે. સ્ત્રીઓ આ માન્યતાઓ અને અંધશ્રદ્ધાનો શિકાર બનતી જોઈ શકાય છે. સમાજમાં પ્રવર્તતા નિયમોનું પાલન સ્ત્રીએ ફરજિયાતપણે કરવું પડતું હોય છે. આવા નિયમોના કારણે સ્ત્રીને ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડતી હોય છે.

સમગ્ર વાર્તાઓમાં સ્ત્રીપાત્રોના ચિત્તના ઊંડાણોમાં ચાલતા સંચલનોને નિરૂપવામાં વાર્તાકારને રસ છે. એનાં વર્તનમાં આવતાં પરિવર્તનો માટે જવાબદાર મનોસંચલનોનું નિરૂપણ છે. સ્ત્રીપાત્રો સામે આવતાં અનેક સંઘર્ષોથી તેનું આંતરમન વિચલિત બને છે. તેના ચિત્તમાં ચાલતી તીવ્ર મથામણથી નકારાત્મક સંવેદનાઓનો અનુભવ કરે છે. વાર્તાકારની વાર્તાઓમાં નિરાશા, પીડા, અફસોસ, ભય, ઈર્ષ્યા, ધૃણા અને ક્રોધનો અનુભવ કરતી સ્ત્રીપાત્રોનું આલેખન જોઈ શકાય છે. જેમાં ઇચ્છા અને ધિક્કારની સંવેદનાઓનો અનુભવ કરતી વાર્તાઓ પ્રાપ્ત થઈ નથી.

સ્ત્રીઓની ઘણી આશા-અપેક્ષાઓ રહેલી છે. આ સ્ત્રીપાત્રો પતિ, પોતાનાં સંતાનો, બહેન, માતા, સાસુ વગેરે પાસેથી કંઈક અપેક્ષાઓ રાખે છે. તેની સંતુષ્ટિ ન થવાથી તીવ્ર મથામણ અનુભવે છે. તેના મનને ઠેસ વાગે છે. જેના કારણે નિરાશામાં સરી પડતી જોવા મળે છે. જીવનમાં બનતી અણગમતી ઘટનાઓને કારણે સ્ત્રીપાત્રો નકારાત્મક સંવેદનોનો શિકાર બને છે. તે ઘટનાઓની સ્ત્રીના ભાવજગતમાં મથામણ ચાલ્યા કરે છે.

પતિના અનૈતિક સંબંધો, પતિનું અવસાન, પુરુષનો દુર્વ્યવહાર વગેરે પરિબળોના કારણે સ્ત્રી પીડા અનુભવે છે. સ્ત્રીનું અનાથ હોવું તે કેટલી સંવેદનશીલ વાત છે? પરંતુ સમાજ તેને અવગણી તેની ઉપેક્ષા કરે છે. તેના કારણે સ્ત્રીઓ તીવ્ર પીડાનો અનુભવ કરે છે. તે એકલવાયું જીવન જીવે છે.

સ્ત્રી હોવું એ શું ગુનો છે? દરેક સ્ત્રી પોતાની મરજી જીવવા ઇચ્છતી હોય છે. પરંતુ વાર્તાકારનાં ઘણાં પાત્રો તેમ કરી શકતાં નથી. સાંસારિક હિત કે લગ્નજીવન ટકાવી રાખવા માટે બધા જ નિર્ણયોને સ્વીકારીને જીવન જીવતી જોવા મળે છે. આ વાર્તાઓમાં ઘણી સ્ત્રીઓ મા-બાપની ઇજ્જત બચાવવા માટે સંઘર્ષનો સ્વીકાર કરી લેતી જોઈ શકાય છે.

પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધ કઈ સ્ત્રી સહજતાથી સ્વીકારી શકે? દરેક સ્ત્રી ઇચ્છે છે કે પોતાનો પતિ લગ્નેતર સંબંધ ન જ રાખે. વાર્તાકારનાં આ સ્ત્રીપાત્રો છૂટાછેડાનો વિરોધ કરતાં જણાય છે, તો બીજી વાર્તાનાં સ્ત્રીપાત્રો પતિને અન્ય સ્ત્રી સાથે લગ્નની મંજૂરી આપતાં દેખાય છે.

સંઘર્ષના નિરાકરણો પર પણ સમય, પરિસ્થિતિ અને સંજોગો જવાબદાર પરિબળો બની રહે છે. નિરાશાનું સંવેદન ધરાવતી સ્ત્રીઓ મોટાભાગે સંઘર્ષમય પરિસ્થિતિનો સ્વીકાર કરતી જોવા મળે છે. ‘લક્ષ્મણરેખા’ વાર્તાની શંકુતલા પોતાના સ્વને ઓળખ આપવા માટે પતિ વિરુદ્ધ જઈને સંઘર્ષનો સામનો કરે છે. તે ઘર છોડવાનો નિર્ણય કરી સ્વતંત્ર જીવન જીવવાનું નક્કી કરે છે. નિરાશા અનુભવતી સ્ત્રીઓ મોટાભાગે પોતાના સંઘર્ષનો સામનો કરી જીવન જીવતી જોવા મળે છે.

પીડા અનુભવતાં પાત્રો પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષનો સામનો કરતી જોવા મળે છે. ‘અંધારી રાત’ વાર્તામાં અંધ પુત્રીનું મિલન કરાવી વાર્તાકાર અંતને રોચક

બનાવે છે. 'બુડથલ' વાર્તામાં નાયિકા પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધના કારણે અકથ્ય પીડાનો અનુભવ કરે છે. 'જાવલ' વાર્તામાં સમાજમાં રહેલી અંધશ્રદ્ધાનો ભોગ બનતી જાવલ અંતે મૃત્યુ પામે છે.

જીવનમાં લીધેલા નિર્ણયો અપેક્ષા વિરુદ્ધના સાબિત થતાં સ્ત્રીપાત્રો અફસોસનો અનુભવ કરે છે. સ્ત્રી પત્ની તરીકે સતત અપેક્ષાઓ રાખે છે અને એ પૂર્ણ ન થવાથી એમાંથી જીવનના પ્રશ્નો ઊભા થાય છે. આ વાર્તાઓની સ્ત્રીઓ સામે લગ્ન નિભાવવા સિવાયનો બીજો કોઈ રસ્તો ન સૂઝતાં પરિસ્થિતિનો સ્વીકાર કરે છે. પ્રેમી માટે પોતાના જીવની પરવા ન કરતી સ્ત્રીઓ જોઈ શકાય છે. પરંતુ પ્રેમીના અવિશ્વાસના કારણે સ્ત્રીઓ લગ્ન ન કરવાનો નિર્ણય કરતી જોવા મળે છે. 'એ વાત ખોટી છે' અને 'બંધન' વાર્તામાં નાયિકા સંઘર્ષનો સામનો ન કરી શકવાથી સ્ત્રીપાત્રો માનસિકતા ગુમાવી બેસે છે.

સંઘર્ષનું તત્ત્વ વિકસાવવા વાર્તાકાર જુદી જુદી પ્રયુક્તિઓનો વિનિયોગ કરે છે. આ પ્રયુક્તિના વિનિયોગ દ્વારા સ્ત્રીના આંતરિક મનોભાવો રજૂ થયા છે. એમની વાર્તાઓમાં પીઠઝબકાર અને ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ સવિશેષ પ્રમાણમાં છે. તેઓએ વર્તમાનની વચ્ચે ભૂતકાળના પ્રસંગો મૂકીને સ્ત્રીઓની વેદનાને વધુ ઘેરી બનાવી શક્યાં છે. સ્ત્રીપાત્રોનાં લગ્ન ન થઈ શકવાથી તે તીવ્ર મૂંઝવણ અનુભવે છે. તેની આ માનસિકતા મનોગત એકોક્તિ દ્વારા વ્યક્ત થાય છે. પતિ વિરુદ્ધ અવાજ ઊઠાવી સ્વતંત્ર જીવન જીવવાનું વલણ મનોગત એકોક્તિ દ્વારા તેના સંઘર્ષનું શમન વધુ અસરકારક બનતું જોવા મળે છે.

વાર્તાકારની ઘણી વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું તત્ત્વ જોવા મળતું નથી. જેને અભ્યાસના ભાગરૂપે લીધી નથી. 'અધૂરો કૉલ' વાર્તાસંગ્રહમાં 'વિધાતાનું હાસ્ય' વાર્તામાં રામમોહન અને તેના એકાંકી પિતાની દારુણ કથા હોવાથી

સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ નથી. તે ઉપરાંત 'મંથન', 'મારી કુસુમ', 'નાનકડો નિઃશ્વાસ', 'લક્ષ્મીનો ચાંલ્લો', 'ઉદ્ધાર' અને 'અરે સ્ત્રીઓ' વાર્તાઓમાં પુરુષપાત્રોની સમસ્યાનું તત્ત્વ હોવાથી અભ્યાસમાં શામેલ કરી નથી. 'એક લહર' વાર્તાસંગ્રહમાં 'અમિતાની મુક્તિ', 'અફસોસ'(પૂર્વાર્ધ), 'અફસોસ'(ઉત્તરાર્ધ), 'રાઘવનના સહકાર્યકરો', 'પાંચસો પાંચનું નાટક', 'મેઘલી સાંજે' વાર્તાઓમાં પુરુષપાત્રનું પ્રાધાન્ય હોવાથી તેને અવગણી છે. 'વિશ્રંભકથા' વાર્તામાં પુરુષપાત્રને આલેખતી 'બે દોસ્ત', 'હેમંતના પ્રભાતે', 'દુનિયા', 'ઊંહું', 'ચિત્ર', 'અંતરનાં વહેણ', 'જીવન', 'અવબોધ' અને 'દર્પણ' વાર્તાઓનો સમાવેશ કર્યો નથી. 'ટાઢ' વાર્તાસંગ્રહની 'રંગીલ', 'માત્માના માણસ', 'શતમ જીવેત શરદઃ', 'ટાઢ' જેવી વાર્તાઓ તેમજ 'જાવલ' વાર્તાસંગ્રહની 'આવો છો, સુહાસ?', 'કોશેટો', 'વાસવ લખિયાની વાત' જેવી ૧૦ વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું તત્ત્વ ન હોવાથી અભ્યાસમાં શામેલ કરી નથી.

સ્વતંત્રતા બાદ શહેરીકરણ, ઔદ્યોગિક ફેરફારો તેમજ સામાજિક જાગૃતિ સાથે માનવજીવનનાં ઝડપી પરિવર્તનથી સ્ત્રી સ્વાતંત્ર્યની લડત પણ જાણે જોર પકડી રહી હતી. એજ સમયની ધીરૂબહેનની વાર્તાઓમાં સ્ત્રી પ્રત્યેનાં વિચારો તે અબળા નહીં પરંતુ એક વ્યક્તિ તરીકે સશક્ત છે. તેને પોતાનાં સ્વતંત્ર વિચાર, વલણ કે મનોભાવ હોય છે. સ્વતંત્રતાની સાથે સ્ત્રીની મુશ્કેલીઓ અને તેનાં બંધનોમાં પણ ઉમેરો થયો હોય એમ લાગે છે. આ સમયગાળામાં સ્ત્રીની સમસ્યા, શોષણ, સંઘર્ષ, અપેક્ષા, ભાવના વગેરે સાહિત્યમાં આલેખન પામ્યું છે.

સ્ત્રીની દુશ્મન એક સ્ત્રી પણ હોઈ શકે તેમજ સ્ત્રીઓની અન્ય સમસ્યાઓને દર્શાવી છે. નાયિકાની ઇચ્છાઓને આંતરિકમાંથી બાહ્ય જગતમાં આલેખી છે. સામાન્ય લાગતી બાબતોને સંવેદના સાથે જોડતાં ઘણી અકબંધ બાબતો ખુલીને સામે આવે છે. અહીં

કથાનક અને માનવજીવનને સાંધતી બાબતો, તેમજ વાસ્તવિક બાબતોને આલેખતી અને નારીનાં મનોભાવોને વ્યક્ત કરવાં એ બાબતો ઉજાગર થાય છે.

આ રીતે સંઘર્ષ અનુભવતી સ્ત્રીઓની માનસિક મથામણ, દબાયેલી લાગણીઓની અભિવ્યક્તિ, અસ્તિત્વને ટકાવી રાખવાની ઇચ્છા, અસલામતીના પ્રશ્નો, સંતાનના પ્રશ્નો, વિધવાવસ્થાના પ્રશ્નો, આ સમસ્યાઓને કારણે થતી નિરાશા, પીડા, અફસોસ વગેરે સંવેદનની અનુભૂતિ જોવા મળે છે. એમાંથી બહાર નીકળવા મથતી સ્ત્રીઓનો પ્રયાસ વગેરેનું વિશ્લેષણ છે.

વાર્તાકાર ધીરૂબહેન પટેલની સમગ્ર વાર્તાઓના અભ્યાસને અંતે પ્રાપ્ત થતાં તારણો આ પ્રમાણે છે:

- ધીરૂબહેન પટેલે સ્ત્રીની સમસ્યાઓ અને તેના સમાધાનો અંગેની રજૂઆત કરી છે.
- સંઘર્ષનું તત્ત્વ ધરાવતાં સ્વ સંઘર્ષ, સ્ત્રી-પુરુષ, સ્ત્રી-સ્ત્રી, સ્ત્રી-સમાજ અને અન્ય જૂથની વાર્તાઓમાંથી સ્વ સંઘર્ષ અનુભવતી સ્ત્રીઓ કેન્દ્રમાં છે.
- અહીં સ્ત્રીપાત્રોના ભાવજગતમાં થતી ઘટનાઓનું વિશ્લેષણ કરી તેની સમસ્યાને સમજવાનો પ્રયત્ન કર્યો છે.
- સ્ત્રીના સ્વ સંઘર્ષ પાછળ પરિસ્થિતિ, સંજોગો અને સંબંધો અસરકારક પરિબળો બને છે. જેમાં મહદઅંશે સ્ત્રીની અપેક્ષાઓ અને ઇચ્છાઓ સ્વ સંઘર્ષનું કારણ બને છે.
- વાર્તાકારની વાર્તાઓમાં સંતાનના પ્રશ્નો, વિધવાજીવન, પ્રેમી સાથેના લગ્નના પ્રશ્નો, કુટુંબના પ્રશ્નોના કારણે સ્ત્રી સ્વ સાથે સંઘર્ષ અનુભવે છે.

- સ્ત્રી-પુરુષના સંબંધ ધરાવતી વાર્તાઓમાંથી મોટાભાગની વાર્તાઓ પતિ-પત્નીના સંબધમાં રહેલો તનાવ છે. પતિના અનૈતિક સંબંધોને કારણે સ્ત્રીપાત્રો સંઘર્ષ અનુભવે છે. ઉપરાંત પતિનું જોહુકમી વલણ, પુરુષનું આધિપત્ય, પુરુષનો સ્ત્રીઓ પ્રત્યેનો દુર્વ્યવહાર, પ્રેમી સાથેના સંબંધો વગેરે પ્રશ્નો સ્ત્રીઓના સંઘર્ષનું કારણ બને છે.
- વાર્તાકારની વાર્તાઓમાં સ્ત્રીપાત્રો પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધનો સ્વીકાર કરી સ્વતંત્ર જીવન જીવવા ઇચ્છે છે.
- સ્ત્રીના અન્ય સ્ત્રી સાથેના સંઘર્ષ માટે સંબંધો ભાગ ભજવે છે. સ્ત્રી-સ્ત્રી સાથેનો સંઘર્ષ ધરાવતી વાર્તાઓમાં સાસુ-વહુ વચ્ચેનો ખટરાગ કેન્દ્રમાં છે. તે ઉપરાંત મા-દીકરી વચ્ચે થતા સંઘર્ષને વાર્તાકારે વિકસાવ્યો છે.
- સ્ત્રીનો સમાજ સાથે સંઘર્ષ થવા પાછળ સમાજના રૂઢિ રિવાજો, પરંપરાઓ, માન્યતાઓ, અંધશ્રદ્ધા, સમાજની વ્યવસ્થા વગેરે પરિબળો જવાબદાર બનતાં જણાય છે. વાર્તાકાર સમાજમાં ચાલતા ખોટા રિવાજો અને અંધશ્રદ્ધા પ્રત્યે વાચકવર્ગને જાગૃત કરવા માગે છે. સમાજ સાથેનો સ્ત્રીનો સીધો સંઘર્ષ અહીં જોવા મળ્યો નથી.
- સ્ત્રીપાત્રો ઉપરાંત પુરુષપાત્રો પણ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ અનુભવતી વાર્તાઓને વાર્તાકારે વિકસાવી છે.
- ભાવનાત્મક સંઘર્ષનો અનુભવ થવાથી અસંતોષ, તનાવ, માનસિક અજંપો, બેચેની, એકલતા, અસલામતી, માનસિક મથામણનાં વલણો વિકસે છે.
- સંઘર્ષના પરિણામે સ્ત્રીઓની માગણીઓ પૂર્ણ ન થઈ શકવાથી સંવેદનનો જન્મ થાય છે. જેમાં નિરાશા અનુભવતી સ્ત્રીઓનું આલેખન વધુ પ્રમાણમાં જોવા મળે

છે. પુરુષના કારણે પીડા અનુભવતી સ્ત્રીઓ એકલતા, લાચાર, ઉદ્વેગનો અનુભવ કરે છે.

- વાર્તાકારની વાર્તાઓમાં નિરાશા, પીડા, ક્રોધ, અફસોસ, ઈર્ષ્યા, ધૃણા અને ભય જેવી નકારાત્મક ભાવનાઓનું આલેખન છે. સ્ત્રીપાત્રો સંઘર્ષમય પરિસ્થિતિમાં આ ભાવનાઓનો અનુભવ કરતી જોવા મળે છે.
- સ્ત્રીપાત્રોની મુખ્ય ભાવના સાથે ગૌણ ભાવનાઓનું આલેખન પણ તેના સંઘર્ષને વધુ તીવ્ર બનાવે છે. વાર્તાકારની વાર્તાઓમાં ધિક્કાર અને ઇચ્છા જેવી ભાવનાઓ વાર્તાકારની વાર્તાઓમાં જોવા મળી નથી.
- સંઘર્ષના કારણે સ્ત્રીપાત્રો માનસિક અસ્વસ્થ બનતાં આપઘાતનો પ્રયત્ન કરતાં જોઈ શકાય છે.
- વાર્તાકારે સ્ત્રી સ્વાતંત્ર્યના પ્રશ્નોને જુદી જુદી સામાજિક-આર્થિક ભૂમિકા ધરાવતી વાર્તાઓનું આલેખન કરેલું જોવા મળે છે. પોતાના અહમ અને અસ્તિત્વને ટકાવી રાખવા સ્ત્રીઓ સંઘર્ષનો સામનો કરે છે.
- સ્ત્રીપાત્રો પતિના આધિપત્યનો ત્યાગ કરી સ્વતંત્ર જીવન જીવવાનો નિર્ણય કરતી થઈ છે. પોતાની ઇચ્છાઓ અને અસ્તિત્વનું સન્માન કરી આર્થિક રીતે પગભર બનતી થઈ છે.
- સમય બદલાતાં વાર્તાકારના સ્ત્રીપાત્રોની સમસ્યાઓમાં પણ પરિવર્તન જોવા મળે છે. પ્રથમ વાર્તાસંગ્રહની  સરખામણીએ 'જાવલ' વાર્તાસંગ્રહની મોટાભાગની સ્ત્રીઓ પુરુષ સામે અવાજ ઊઠાવી સંઘર્ષનો સામનો કરતી જોવા મળે છે. પતિને અન્ય સ્ત્રી સાથેની લગ્નની મંજૂરી આપી વાર્તાકાર આધુનિક વિચારસરણીનો પરિચય કરાવે છે.

- ઘણાં સ્ત્રીપાત્રો કુટુંબની જવાબદારી, સમાજની પ્રતિષ્ઠાને કારણે પરિસ્થિતિનો સ્વીકાર કરી લઈ જીવન જીવતી જોવા મળે છે. આમ, મોટા ભાગના સ્ત્રીપાત્રોના સંઘર્ષનું શમન વાર્તાકારની  વાર્તાઓમાં જોઈ શકાય છે.
- સંઘર્ષને વિકસાવવા વાર્તાકાર જુદી જુદી પ્રયુક્તિઓનો વિનિયોગ કરે છે. પીઠઝબકાર, ચેતનાપ્રવાહ, મનોગત એકોક્તિ, ફ્લૅશ ફોરવર્ડ, સંવાદ, કથન, પત્રપ્રયુક્તિ, સહોપસ્થિતિ જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરી વાર્તાકારે પાત્રોના સંઘર્ષનું આલેખન કર્યું છે. આ પ્રયુક્તિ દ્વારા વાર્તાકારે  સ્ત્રીપાત્રોના ભાવવિશ્વને દર્શાવ્યું છે.
- સ્ત્રીપાત્રોના આંતર મનોસંચલનોને ઉજાગર કરવા વાર્તાકાર ચેતનાપ્રવાહ અને મનોગત એકોક્તિ પ્રયુક્તિનો સવિશેષ ઉપયોગ કરેલો જોવા મળે છે.
- સ્ત્રીનું જીવન માત્ર ઘર કે બાળકોની સાર સંભાળ રાખવી કે સમાજનાં રૂઢિ રિવાજોને અનુસરવું તે જ માત્ર સ્ત્રી જીવન નથી. સ્ત્રીનું પોતાનું એક અસ્તિત્વ છે, વ્યક્તિત્વ છે, સ્વમાન છે, એમ ધીરૂબહેને આલેખ્યું છે.
- વાર્તાકારની ‘જાવલ’ વાર્તામાં તળપદી ભાષા દ્વારા સંઘર્ષનું આલેખન જોવા મળે છે.
- તેમણે વાર્તામાં આવતાં પાત્રોની વેદના-સંવેદના રજૂ કરીને વાર્તા અને પાત્રને અનુરૂપ ભાવજગત ઊભું કર્યું છે.
- લગ્નોત્સુક નારીનું ચિત્ર પણ વાર્તાકારે નિરૂપિત કર્યું છે. મોટી ઉંમરે લગ્ન કરવા માગતી પરંતુ યોગ્ય પાત્ર ન મળતાં કુંવારી રહી જતી સ્ત્રીનું નિરૂપણ વાર્તાકારે જુદી જુદી વાર્તાઓમાં કર્યું છે.

- વિધવા સ્ત્રીની ચેતનાનો આવિષ્કાર અહીં 'રક્ષાબંધન' અને 'ગઈકાલની ખાનદાની' જેવી વાર્તાઓમાં વાર્તાકારે નિરૂપણ કરેલું જોવા મળે છે.
- વૈવિધ્યપૂર્ણ સમાજિક સંબંધોની છબી અંકિત કરવાનો વાર્તાકારે સફળ પ્રયાસ થયો છે, જેમાં પતિ-પત્ની ઉપરાંત ભાઈ-બહેન, વહુ-સાસુ, મા-દીકરી, ભૂતપૂર્વ પ્રેમી-પતિ જેવા સંબંધોની સૂક્ષ્મ રજૂઆતનું તથ્ય ધ્યાન ખેંચે છે.
- દામ્પત્યજીવનનો ઢસરડો કરતી તેમજ ગૃહિણીનું નિરૂપણ કરીને વાર્તાકારે મૂળભૂત- પરંપરાગત નારીની છબી રજૂ કરી મહત્વનું તથ્ય મૂકી આપ્યું છે.
- આજે વ્યવસાય-નોકરી કરતી સ્ત્રીઓની સંખ્યા વધી છે ત્યારે બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીની ચેતના કેવી હોય છે? એનો અનુભવ વાર્તાકારે રજૂ કર્યો છે.
- તેમણે નવાં કથાનકો દ્વારા વાર્તાઓની સમસ્યાઓને તેમજ સમાધાનોને સમૃદ્ધ બનાવ્યાં છે.
- વાર્તાકારે પ્રયુકિતના ઉપયોગ દ્વારા સ્ત્રીપાત્રના સૂક્ષ્મ આંતરસંચલનો તેમજ ભાવ વિચારોને પ્રસ્તુત કર્યાં છે.
- વાર્તાકારની કેટલીક વાર્તાની સ્ત્રીપાત્રો સમસ્યાને સ્વીકારી લઈને જીવન જીવતી જોવા મળે છે, તો કેટલીક વાર્તામાં પુરુષપ્રધાન સમાજમાં પોતાની ઓળખ, નિજી વ્યક્તિત્વ, અસ્તિત્વ તેમજ પોતાનો હક સ્થાપવા માગતી જોવા મળે છે.
- વાર્તાકારે સ્ત્રી જીવનની સંઘર્ષાત્મક સ્થિતિનું અને એનાં સ્વયં સ્ત્રીનાં સમાધન પૂર્ણ વલણોનું નિરૂપણ કર્યું છે.
- તેમની વાર્તાઓમાં સ્ત્રીપાત્રો પોતાની મુશ્કેલીની પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લઈ તે પરિસ્થિતિમાંથી રસ્તો કાઢતી જોવા મળે છે. જેમ કે, 'લાલબત્તી' વાર્તામાં

સુષમા ભાઈઓથી કંટાળી જઈને અંતે પોતાનો અંગત નિર્ણય લઈ મુશ્કેલીમાંથી બહાર નીકળતી જોવા મળે છે.

આ રીતે ધીરૂબહેન પટેલની ટૂંકીવાર્તાઓમાં સ્ત્રીપાત્રોની સમસ્યાઓ અને તેનાં સમાધાનોનાં મહત્વનાં તથ્યો નિરૂપણ પામ્યાં છે.